ત્રણ રત્નો

લેખક : શ્રી સુરેશ ગાંધી

યુવાન વયે મગધની ગાદીએ આવેલ રાજા શ્રેણિક પોતાના નવા ગોઠિયાઓ અને વાહવાહ કરનારા સામંત–સરદારોના રંગમાં રંગાઈને વ્યભિચારી અને વ્યસની બની ગયો હતો.

નવવસંતનાં ફૂલોએ જ્યારે ફાગણ પર પ્રેમનો અભિષેક કર્યો અને વારાંગનાઓએ એમના મધુર કંઠે બિહાગનો રાગ છેડી દીધો, ત્યારે શ્રેણિકે એના ગોઠિયાઓને કહ્યું : "આજ તો બોરસલીની ગંધથી યૌવનનું પાનેતર ભીંજાઈ ગયું છે. મલય પવનના હિલોળે ચંચલ મન ડોલી ઊઠયું છે. ચાલો શિકારે જઈએ."

અને એ ચાંદની રાતે શ્રેણિકની ટોળી વેણુવનમાં તૂટી પડી. મૃગલાં અને બીજાં જે પશુઓ હાથ આવ્યાં એમને મારીમારીને ધરતીને લાલ લોહીથી રંગી દીધી !

પણ શ્રેણિકને મન હજુ શાંતિ નથી. જૂઈની સુગંધથી પાગલ બનેલા ભમરાની જેમ એ વિહ્વળ થઈને ચારેકોર ઘૂમી રહ્યો છે. ગોઠિયાઓની નજર ચુકાવી એણે રૂપની લાલસા છિપાવવા પોતાનો ઘોડો દોડાવી મૂકયો. એને એના ગુપ્તચરોએ બાતમી આપી હતી કે દૂર એક ખેતરમાં એક ખેડૂત ઝૂંપડી બાંધીને ખેતી કરે છે અને તેની યુવાન પુત્રીને કામાંધ શિકારીઓની નજરથી બચાવી રહ્યો છે.

મધરાતે જઈ શ્રેણિકે ખેડૂતની ઝૂંપડીનું બારણું ખખડાવ્યું. ખેડૂતની યુવાન કન્યા નંદાએ બહાર આવીને પૂછયું : "અત્યારે શા માટે આવ્યા છો, અતિથિ ?"

યૌવનમાં હિલોળા લેતી આ કિસાન કન્યાને જોઈને શ્રેણિક પાગલ બની ગયો. એને કંઈ પણ બોલવાની ઇચ્છા થઈ નહિ. માત્ર ધરાઈ ધરાઈને એ એનું રૂપ જોતો રહ્યો. શરમાઈને નંદા અંદર ચાલી ગઈ ત્યારે જ એને ભાન થયું કે વસંતે ધરતી પર ફૂલનાં પગલાં મૂકયાં છે અને કેસૂડાના રંગે એનું પાનેતર રંગાઈ ગયું છે. ઝૂંપડીની અંદર જઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એણે કહ્યું : "આજની રાત રહીને કાલે સવારે મારે માર્ગે ચાલ્યો જઈશ. દૂરનો પ્રવાસી છું, જગ્યા આપશો ?"

ખેડૂત બાપ-દીકરીએ અતિથિનો આદર કર્યો. જે કાંઈ ભોજન પોતાની ઝૂંપડીમાં હતું તે એમણે હાજર કર્યું, અને અતિથિની ખૂબ સરભરા કરી. ચાર દિવસ સુધી અતિથિને પોતાને ત્યાં રાખ્યો. એટલા વખતમાં તો શ્રેણિકે નંદાને પોતાના પ્રેમપાશમાં લપેટી, ભોળવી અને પતિત પણ કરી દીધી હતી! વિદાય થતી વખતે નંદાની આંગળીમાં રાજ-મુદ્રિકા પહેરાવતાં એ એટલું જ કહેતો ગયો : "હું મગધનો રહેવાસી છું. કોઈક દિવસ મગધની રાજધાની રાજગૃહીમાં આવવાનું થાય તો મારે આંગણે પધારજો !"

નામઠામ આપ્યા વિના ભોળી ખેડૂત કન્યાને ભોળવી પ્રવાસી તો ચાલ્યો ગયો, પણ નંદા, એ પ્રસંગના ચિંતાભર્યા સ્મરણરૂપે, ગર્ભને ધારણ કરી રહી. પૂરા દિવસે એને પુત્ર અવતર્યો. થોડા દિવસ પછી એક મેઘલી રાતે સર્પદંશથી નંદાનો બાપ મૃત્યુ પામ્યો !

એકલી–અટૂલી નંદાએ, પોતાના ભલાભોળા સાથીઓની સહાયથી, મહેનત–મજૂરી કરીને, પંદર વર્ષ સુધી પોતાના બાળક અભયને ઉછેરીને મોટો કર્યો.

એ વાતને પંદર વર્ષ વીતી ગયાં છે. ફરી એ જ વસંતની બહાર ખીલી ઊઠી છે. વૃક્ષપલ્લવે નવા અંકુર ફૂટ્યા છે. ફૂલે ફૂલે ભ્રમરો ગુંજી રહ્યા છે. યૌવનના ઉંબરે આવેલા નંદાના પુત્ર અભયે એક દિવસ માને કહ્યું : "મા ! મારા બાપુ ક્યાં છે ?"

તૂટેલી–જર્જરિત લાકડાની પેટીમાં મૂકેલી એક હાંડલીમાં સાચવી રાખેલી સોનાની મુદ્રિકા કાઢી નંદાએ અભયના હાથમાં મૂકીને કહ્યું : "હું જાણતી નથી બેટા, કે તારા પિતા શ્રેષ્ઠી છે કે સેનાપતિ છે. માત્ર આ મુદ્રિકા તારા પિતાની છે, અને મગધની રાજ-ધાની રાજગૃહીમાં એ રહે છે."

"ચાલો મા, રાજગૃહીમાં જઈ એમને શોધી કાઢીએ."

અભય અને નંદા રાજગૃહીને પાદર આવ્યાં. એમણે એક ખેડૂતને ઘેર ઉતારો કર્યો. પછી માતાને પ્રણામ કરી, આશ્વાસન આપી, અભય એના પિતાની ખોજમાં નીકળી પડ્યો.

*

છેલ્લા દશ વર્ષથી મગધપતિ શ્રેણિકના જીવનમાં મોટો પલટો આવ્યો છે. વ્યભિ-ચારી અને વ્યસની મિત્રોની મંડળીને એણે વિદાય આપી છે. ભગવાન મહાવીરના ઉપ-દેશથી એણે મદિરા, માંસ અને વ્યભિચાર છોડ્યાં છે. પ્રભુના ધર્મોપદેશથી એનામાં ધર્મવૃત્તિ પ્રગટી છે; લોકો પ્રત્યે પ્રેમ અને દયાનાં ઝરણાં ફૂટ્યાં છે. પ્રજાનું સુખ એ જ એની ચિંતા છે. કૂવા, વાવ અને તળાવો ઠેરઠેર બંધાવી એણે પ્રાણીમાત્ર પ્રત્યે કરુણા અને અહિંસા રાખવા પ્રધાનો અને રાજ્યના અધિકારીઓને આજ્ઞા આપી છે.

મહારાજા શ્રેણિકને રાજકાજમાં મદદ કરવા માટે ચારસો નવ્વાણુ મંત્રીઓ છે, પણ તેમાં મહામંત્રીની જગ્યા લે એવો કોઈ પણ વિચક્ષણ અને બુદ્ધિમાન પુરુષ હજી એની નજરે ચડતો નથી. એ હોદ્દા પર તો મહાપ્રતાપી અને બુદ્ધિનો ભંડાર હોય એવો જ માણસ શોભે, એટલે જુદી જુદી યુક્તિથી એવા માણસની શોધ થઈ રહી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજે મહારાજાના એક અધિકારીએ સાવ ખાલી, અવાવરુ કૂવામાં એક સોનાની વીંટી નાખીને જાહેર કર્યું છે કે "જે કોઈ માણસ અંદર ઊતર્યા વિના, કોઈ પણ સાધન વિના, એ વીંટી બહાર કાઢશે તેને રાજ્યના વડાપ્રધાનની પદવી આપવામાં આવશે."

કૂવા આગળ લોકોનું મોટું ટોળું જામ્યું છે. અંદરોઅંદર ખૂબ કોલાહલ થઈ રહ્યો છે. કૂવાના તળિયે પડેલી સોનાની વીંટી અંધારામાંય ચમકી રહી છે. વીંટીમાં ત્રણ રત્નો જડેલાં છે. તેને વાંસડા વિના કે એવા બીજા સાધન વિના બહાર કાઢવી કેવી રીતે?

અભયે ટોળું જોયું અને એ ટોળામાં પેસીને એ ત્યાં ભેગા થયેલા માણસોને કહેવા લાગ્યો, "અરે, ભાઈઓ! તમે બધા ચિંતામાં કેમ પડ્યા છો?"

એક જણે કહ્યું: "જુઓ ને, કૂવામાં કેવી સુંદર વીંટી ચમકી રહી છે! અરે, એને ત્રણ ત્રણ તો રત્નો જડેલાં છે! લાખ સોનામહોરનો માલ છે. એને અંદર ઊતર્યા વગર કે બીજાં સાધનો વિના બહાર કાઢવાની છે. એ કાઢનારને મગધપતિ પોતાના મહામંત્રી બનાવવાના છે. આમાં તો ભલભલા બુદ્ધિશાળીની બુદ્ધિ પણ બુઠ્ઠી બની જાય એવું કામ છે."

અભયે કહ્યું: "મારે મન તો આ રમત છે. તમે બધા ભાઈઓ અને બહેનો સહકાર આપશો?"

બધાંએ હા પાડી એટલે અભય કૂવાની પાળ આગળ આવ્યો. એક માણસને મોકલી તાજા છાણનો પોદળો મંગાવ્યો અને બરાબર પેલી વીંટી પર નાખ્યો. પછી એક સુક્કા ઘાસનો પૂળો મંગાવી તેને સળગાવી એ છાણ પર ફેંક્યો. ઘાસના તાપથી છાણ સુકાઈ ગયું. વીંટી એમાં ચોંટી ગઈ. પછી બધાં ભાઈઓ અને બહેનોને સાબદા કરી પાસેના ભરેલા કૂવામાંથી પાણીના હાંડા ખેંચી ખેંચી આ ખાલી કૂવામાં ઠાલવવા કહ્યું. પોતે પણ એમની સાથે કામે લાગી ગયો. પાણી છેક કૂવાના કાંઠા સુધી આવતાં છાણું પણ તરીને ઉપર આવ્યું. અભયે તે લઈ લીધું અને અંદરની વીંટી મહારાજાના અધિકારીના હાથમાં મૂકી. લોકો અભયની બુદ્ધિપ્રતિભાથી અંજાઈ આશ્ચર્યમાં ડૂબી ગયા.

બધાંએ કહ્યું, ધન્ય છે. અમલદાર પણ ખુશ ખુશ થઈ ગયો અને અભયને મહારાજા શ્રેણિક પાસે લઈ ગયો. રાજાજીએ બધી વાત સાંભળી એનો વાંસો થાબડ્યો અને વીંટી ભેટ આપીને એની ઓળખાણ પૂછી. અભયે તેની માતાએ આપેલી મુદ્રિકા મહારાજાના હાથમાં મૂકીને પંદર વર્ષ પહેલાંનો પ્રસંગ યાદ દેવડાવ્યો. મહારાજા ઝાંખા પડી ગયા.

એમને બધું યાદ આવ્યું. ગળગળા થઈ એમણે પુત્રને માથે હાથ મૂક્યો અને દરબાર ભરી એને મહામંત્રીની પદવી આપી. પછી ખેડૂતને ઘેર પાલખી મોકલી નંદાને રાજમહેલમાં બોલાવી લીધી. ચાર આંખો ભેગી થતાં મહારાજાની આંખોમાં હર્ષનાં આંસુ આવ્યાં.

નંદાએ પતિના પગમાં પડી કહ્યું: "દેવ, હું તો ભવોભવની દાસી. આ જન્મમાં તમે ન મળત તો અનેક જન્મ સુધી રાહ જોઈને બેસી રહેત!"

*

રાજગ્રહી નગરીના દુર્ગપાલોએ દાંડી પીટીને મહામંત્રી તરીકે અભયની વરણી થઈ હોવાની જાહેરાત કરી દીધી છે. ચોકે અને ચૌટે એની બુદ્ધિમત્તાનાં વખાણ થઈ રહ્યાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લોકો તો એ સમાચાર જાણી રાજી રાજી થઈ ગયા છે. ઘેર ઘેર આસોપાલવનાં તોરણો બંધાયાં છે. રંગરાગ, ઉત્સવ અને નૃત્યગાન થઈ રહ્યાં છે. જેમ પ્રજાને કુશળ મહામંત્રી મળ્યો તેમ રાજાને પણ પંદર વર્ષ પછી પોતાનાં સ્ત્રી–પુત્ર મળ્યાં એનો અધિક આનંદ છે. મહારાજા શ્રેણિકે મંત્રીઓને કહ્યું : "આજના મંગલ પ્રસંગે પ્રભુ મહાવીરને આશીર્વાદ આપવા રાજગ્રહીમાં પધારવા આમંત્રણ પાઠવો."

ભગવાન મહાવીર વેણુવનમાં પોતાના સાધુસંઘ સાથે બિરાજી રહ્યા છે. માનવજાતના કલ્યાણની અહોનિશ કામનાથી એમનાં નયનોમાં કરુણાનો નિધિ છલકાય છે. રાજસેવકોએ ઘોડાપરથી ઊતરી એમના ચરણમાં પડી કહ્યું : "પ્રભુની ચરણરજ લેવાની ઇચ્છાથી મગધનરેશ શ્રેણિકે આપને યાદ કર્યા છે."

બીજા દિવસે શ્રમણસંઘ સાથે પ્રભુ મહાવીરે રાજગ્રહી નગરીને પાવન કરી. લોકોનો આનંદ સમાતો નથી. એમના પવિત્ર પગલે દુંદુભિ વાગી રહ્યા છે. અંતઃપુરના મોટા સ્ત્રીસમુદાય સાથે મહારાજા શ્રેણિક અને અભયે પ્રભુનું વંદન કર્યું. અભયે કહ્યું : "પાપના કાદવમાં ડૂબેલા એવા અમને આપની અમૃતવાણી સંભળાવી પાવન કરો પ્રભુ !"

ત્રણ ત્રણ દિવસ સુધી પ્રભુની અમૃતવાણીનો પ્રવાહ નાના-મોટા, ઊંચ-નીચ સૌ જીવોને પુણ્યસ્નાન કરાવી રહ્યો છે. જીવનની વેણુ મંગલ સૂરે વાગી ઊઠી છે. જાણે આકાશમાં મેઘમાલા પણ થંભી ગઈ છે. ભગવાન મહાવીરની પ્રેમવાણીથી ભીંજાયેલા અભયે એમના પગમાં પડીને કહ્યું : "હિંસામાંથી અહિંસામાં, અસત્યોમાંથી સત્યમાં અને અંધકારમાંથી પ્રકાશમાં પ્રેરનારી આપની વાણી ધન્ય છે પ્રભુ !" અને પછી એણે પોતાની આંગળીમાંથી ત્રણ રત્નોવાળી વીંટી કાઢી પ્રભુના ચરણમાં મૂકી દીધી.

ભગવાન મહાવીરે કહ્યું : "સાધુઓને સુવર્ણ કે રત્નોની શી જરૂર છે? અમારા સંઘના બધા સાધુઓ પાસે આથીયે વધુ મૂલ્યવાન ત્રણ રત્નો હોય છે : સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર. એ પોતાની જાતને અને બીજાને પણ સમૃદ્ધિશાળી બનાવી શકે છે."

સમય થયો એટલે પ્રભુએ તો શ્રમણસંઘ સાથે વિદાય લીધી. પણ અભય વિચારોના ચકરાવામાં ચડયો : જેમણે ત્રણ રત્નોથી પોતાનું જીવન વિભૂષિત કર્યું હોય એવી વિભૂતિના ચરણે શા માટે ન જવું ?

એવામાં થોડા દિવસ પછી એક મુનિનું રાજગ્રહીમાં આગમન થયું.

પ્રભુ મહાવીર પાસે દીક્ષા લઈને નગર નગરમાં ઘૂમતો આ સાધુ રાજગૃહીની ગલીઓમાં ઘૂમવા લાગ્યો. સાધુ બનેલા એ ગરીબ કઠિયારાને કોઈએ પણ ભીક્ષા ન આપી. કેટલાકે એમ પણ કહ્યું કે, પેટ નહોતું ભરાતું એટલે સાધુ થયો છે! લોકોના તિરસ્કાર અને ઉપાલંભોને સહન કરતો સાધુ મૂંગો મૂંગો રસ્તા પરથી નત મસ્તકે ચાલ્યો જતો હતો; એ કોઈની પણ સાથે બોલતો નહોતો.

નગરચર્ચા જોવા નીકળેલા અભયે તેને જોયો. લોકોનું ટોળું મુનિની પાછળ પડયું હતું અને અનેક જાતની વાતો કરીને એને વગોવી રહ્યું હતું. અભય પ્રભુ મહાવીરનો ભક્ત હતો. તેનું હૃદય અનુકંપાથી ભરાઈ ગયું. સાધુ–મુનિઓને એ હમેશાં વંદન કરતો અને ભાવ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વક ભિક્ષા આપતો. એ મુનિને ઊભા રાખી પગે લાગી અભયે કહ્યું : “ ગુણની પૂજા માટે વય કે જાતિ જોવાતી નથી. જ્ઞાન અને ગુણ તો સર્વત્ર પૂજ્ય છે.”

મુનિએ આનંદ પામી અભયને આશીર્વાદ આપ્યા. પાછળ આવતા લોકોના ટોળાને આશ્ચર્ય થયું. તેઓ અભય અને મુનિને આજુબાજુથી ઘેરી વળ્યા. એક જણાએ તો મુનિ પર પથ્થર પણ ફેંક્યો. એથી ચોંકીને ગંભીર બનેલા અભયે પોતાના હાથમાંની સોનાની વીંટીમાંથી ત્રણ રત્નો બહાર કાઢી લોકોના ટોળાને ઉદ્દેશીને કહ્યું : “ શાંત થાઓ અને સાંભળો, મારે આ ત્રણ રત્નો આપવાનાં છે.”

“ કોને આપવાનાં છે ? ” ટોળામાંથી અવાજ આવ્યો.

અભયે કહ્યું : “ જે ત્રણ વસ્તુ છોડે તેને : એક ઠંડું પાણી, બીજી વસ્તુ અગ્નિ અને ત્રીજી સ્ત્રી.”

લોકો કહે : “ એ તો ભારે મુશ્કેલ. હંમેશા ગરમ પાણી પીવું, કોઈ પણ જાતનો અગ્નિ પોતાના માટે સળગાવવો નહિ અને સ્ત્રી સાથેનો સંબંધ હંમેશ માટે છોડી દેવો એ તો ભાર કઠણ કામ. એ કેમ બને ? ”

અભયે ગંભીર બનીને કહ્યું : “ આ રત્નોના અધિકારી તમે નહિ, પણ આ મુનિ છે. એમણે સાધુનાં વસ્ત્રો ઓઢી હમેશને માટે ઠંડું પાણી છોડયું છે, અગ્નિ છોડયો છે અને સ્ત્રીસંગ પણ છોડયો છે.”

સાધુએ કહ્યું : “ અમોને એ વીંટી ન ખપે. અમે અપરિગ્રહી છીએ. આવા પાર્થિવ રત્નો કરતાં વધુ કીમતી રત્નો અમારી પાસે છે.”

“ ધન્ય છે, ધન્ય છે, ” લોકોએ મુનિનો જયજયકાર કર્યો. સ્વાર્થ અને સુખમાં અહોનિશ રાચતા લોકોએ એમની ચરણવંદના કરી અને કહ્યું : “ અમારી ભૂલ થઈ મુનિવર, અમને ક્ષમા આપો. ”

સાધુએ પોતાની પાસેનાં ત્રણે રત્નો માનવજાતના કલ્યાણ માટે આપી દીધાં. વીતરાગી સાધુની અમૃત વાણીથી તે દિવસે રાજગૃહી નગરી ધન્ય બની. બીજા દિવસે અભયે એ જ કઠિયારા સાધુ પાસે દીક્ષા લીધી અને તેમની સાથે વનનો મારગ લીધો.

આકાશમાં શ્યામ મેઘઘટા જામવા માંડી હતી. અષાઢનો પવન જોરજોરથી આવીને રાજગૃહી નગરીનાં બારી-બારણાં ખખડાવી રહ્યો હતો. મુનિ અને અભયના અંતરનાં દ્વાર પણ એ જ રીતે ઉઘાડ-બીડ થઈ રહ્યાં હતાં. કોઈ અપાર્થિવ તેજને ઝંખતા તેઓ આગળ ને આગળ ચાલ્યા જતા હતા. અને નગરનાં નર-નારીઓ એમને દૂર રહ્યાં રહ્યાં અંતરથી વંદન કરી રહ્યાં હતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org